



A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION



# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY


પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. એપ્રિલ ૧૫, ૨૦૨૨ • ચૈત્ર સુદ ૧૪, સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## ઊર્જા-જળવાયુ ઇન્ડેક્સમાં ગુજરાત નંબર-૧



નીતિ આયોગના સ્ટેટ એનર્જી એન્ડ કલાઇમેટ ઇન્ડેક્સ રાઉન્ડ-૧માં મોટા રાજ્યોમાં ગુજરાતે બાજી મારી છે. દેશના મોટા રાજ્યોમાં ગુજરાત પહેલા ક્રમે રહ્યું છે. કેરાલા બીજા ક્રમે જ્યારે પંજાબ ત્રીજા ક્રમે આવ્યું છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિવિધ છ માપદંડોને આધારે રેન્કિંગ આપવામાં આવ્યું છે. માપદંડોમાં મુખ્યત્વે વિતરણ કંપનીઓનો દેખાવ, એનર્જી કાર્યદક્ષતા, પર્યાવરણ સસ્ટેનિબિલિટીનો સમાવેશ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ના ડેટાના આધારે આ ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યું છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૨.૪.૨૦૨૨)

## નડાબેટ ખાતે 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે લોકાર્પણ




બનાસકાંઠા જિલ્લાના સૂઇગામ તાલુકાના નડાબેટ સ્થિત ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા ખાતે નિર્મિત 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પનાને હું વંદન કરું છું કે બનાસકાંઠા જિલ્લાના નડાબેટ ખાતે સીમાદર્શન પ્રોજેક્ટ નિર્માણ પામ્યો છે. આ પ્રોજેક્ટથી પ્રવાસનના વિકાસની સાથે નવી રોજગારીનું સર્જન થશે. તેમણે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું કે આવનારા ૧૦ વર્ષ પછી આ વિસ્તારમાં લાખો લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટના લીધે બનાસકાંઠા જિલ્લો સમગ્ર દેશમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. રાષ્ટ્રના નાગરિકોને મા ભોમની રક્ષા માટે સતત ખડેપગે રહેનારા બી.એસ.એફ જવાનોની જીવનચર્યાને પ્રત્યક્ષ અનુભવવાની તક પ્રાપ્ત થાય તેમજ જવાનોની રહેણી-કરણી, ફરજો અને દેશપ્રેમને રૂબરૂ નિહાળી શકે તેવા આશયથી સીમાદર્શન પ્રોજેક્ટ શરૂ કરાયો છે. ગૃહમંત્રીશ્રીએ સીમાદર્શન પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, સીમાદર્શન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૨૫ કરોડના ખર્ચે પ્રવાસીઓ માટે તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ અને વિશેષ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે.

(Source : https://cmogujarat.gov.in)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

## હેતલ પટેલની ન્યુઝીલેન્ડમાં પોલીસ કર્મી તરીકે પસંદગી



જલાલપોર તાલુકાના મટવાડ ગામના ૩૩ વર્ષીય હેતલ પટેલે ન્યુઝીલેન્ડમાં સ્થાયી થઈ પોલીસ ફોર્સ જેવા ફિલ્ડમાં પસંદગી પામી ગૌરવપ્રદ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઐતિહાસિક દાંડીરોડ પર આવેલા મટવાડ ગામના આવડા ફળિયાના વતની એવા હેતલ સુરેશભાઈ પટેલ વર્ષ ૨૦૧૦માં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ અર્થે ન્યુઝીલેન્ડ ગયા હતા. વર્ષ ૨૦૧૫માં ન્યુઝીલેન્ડની નાગરિકતા પ્રાપ્ત થતા હેતલે પોલીસ બનવા માટે ન્યુઝીલેન્ડના વેલીંગ્ટન શહેર સ્થિત રોયલ ન્યુઝીલેન્ડ પોલીસ કોલેજ જોઈન્ટ કરી તેમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યુ હતું. તે સાથે પોલીસને લગતી તમામ ટ્રેનિંગો તથા પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી હતી. (Source : www.divyabhaskar.co.in)

## ઈજિપ્ત પેરા ઓપનમાં સોનલ પટેલ અને ભાવિના પટેલને ગોલ્ડ મેડલ



આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સોનલ પટેલ અને ભાવિના પટેલે આઈટીટીએફ ઈજિપ્ત પેરા ઓપન ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ઈજિપ્તના ઈસ્માઈલિયામાં આ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. વિમેન્સ સિંગલ્સ ક્લાસ ૨-૩ કેટેગરીમાં વિશ્વમાં ૨૧મો ક્રમાંક ધરાવતી સોનલ પટેલે ઈરાકની હાદિલ અલ વાયેલીને હરાવીને પોતાની કારકિર્દીનું પ્રથમ ઈન્ટરનેશનલ ટાઈટલ જીત્યું હતું. જ્યારે ભાવિનાએ ઈરાકની રુસુલ અલ વાયેલીના પડકારનો સામનો કરીને વિમેન્સ સિંગલ્સની ક્લાસ ૪-૫ની ફાઈનલમાં વિજય હાંસલ કર્યો હતો. (Source : www.gujarat-samachar.com)

## પોલેન્ડ સરહદે યુદ્ધના અસરગ્રસ્તોની મદદે પહોંચ્યા મૂળ કચ્છી સ્વયંસેવકો



દોઢ મહિના કરતાં વધુ સમયથી રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ભારતીયોથી લઈ અનેક દેશોના નાગરિકોને યુક્રેનથી સલામત બહાર લાવવા અને તેમને આવશ્યક દરેક પ્રકારની જીવન જરૂરિયાતની સામગ્રીના વિતરણમાં સેવા ઈન્ટરનેશનલના માધ્યમથી સ્વયં સેવકો પ્રથમ દિવસથી જ કામે લાગી ગયા છે. આ સેવા યજ્ઞમાં જોડાયેલા કચ્છના સ્વયંસેવકોએ ભારત ઉપરાંત આફ્રિકા, ઘાના, નાઇજીરીયા, પાકિસ્તાન, ચીન વગેરે દેશોના વિદ્યાર્થી અને લોકોને અલગ અલગ એરપોર્ટ સુધી પહોંચાડવાની વ્યવસ્થામાં મદદ કરી છે. (Source : www.divyabhaskar.co.in)

## ભારતમાં જ નહીં, હવે વિદેશમાં પણ 'ગણેશ મંદિરવાળી ગલી'




હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ પ્રથમ પૂજનીય ભગવાન ગણેશના નામ પરથી રોડ જોવા મળશે. અમેરિકાના ન્યૂયોર્કમાં એક પ્રખ્યાત અને પ્રમુખ મંદિરની બહારની શેરીનું નામ 'ગણેશ ટેમ્પલ સ્ટ્રીટ' રાખવામાં આવ્યું છે. પહેલા આ જગ્યાનું નામ બ્રાઉન સ્ટ્રીટ હતું, જેને બદલીને ગણેશ ટેમ્પલ સ્ટ્રીટ કરવામાં આવ્યું છે. ન્યૂયોર્ક જેવા મોટા શહેરમાં ભગવાન ગણેશના નામ પર રોડનું નામ રાખવું એ ભારતીય સંસ્કૃતિ અને ભારતના લોકો માટે ગર્વની વાત છે. (Source : https://sandesh.com)

## ભારતીય-અમેરિકન ગાયિકા ફાલ્ગુની શાહને ગ્રેમી એવોર્ડ



ન્યૂયોર્કમાં રહેતી ભારતીય-અમેરિકન ગાયિકા ફાલ્ગુની શાહને 'અ કલરફુલ વર્લ્ડ' માટે શ્રેષ્ઠ ચિલ્ડ્રન આલ્બમ કેટેગરીમાં ગ્રેમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ફાલ્ગુની શાહને તેના સ્ટેજ નામ 'ફાલુ' નામથી પણ ઓળખવામાં આવે છે. મુંબઈમાં જન્મેલી ગાયક-ગીતકાર ફાલ્ગુની શાહે ફાલ્ગુની શાહે એ.આર. રહેમાન સાથે પરફોર્મન્સ પણ આપ્યું હતું. તે વખત ગ્રેમીમાં શ્રેષ્ઠ ચિલ્ડ્રન મ્યુઝિક આલ્બમ કેટેગરીમાં નોમિનેટ થનારી એકમાત્ર ભારતીય મૂળની મહિલા છે. ફાલ્ગુની શાહ અગાઉ તેના ૨૦૧૮ના આલ્બમ Falu's Bazaar માટે ગ્રેમીમાં નોમિનેટ થઈ હતી. જયપુર સંગીતની પરંપરા અને ઠુમરીની બનારસ શૈલીની તાલીમ લેનાર ફાલુએ ઘણા આંતરરાષ્ટ્રીય સંગીતકારો સાથે પણ કોલબ્રેશન કર્યું છે. (Source : www.gujarat-samachar.com)

## ગુજરાતી પાટીદાર સમાજ વમાસાની યુવા સમિતિ બની

રાજસ્થાન ડુંગરપુરના ગુજરાતી પાટીદાર સમાજ જિલ્લા યુવા સેવા સમિતિની સુચના મુજબ વમાસામાં સમાજના યુવાનોની બેઠક યોજાઈ હતી જેમાં યુવા સેવા સમિતિ વમાસાની રચના કરવામાં આવી હતી અને હોદ્દેદારોની સર્વસંમતિથી નિમણૂંક કરવામાં આવી હતી. જયેશ પાટીદાર વરસીંગપુરે માહિતી આપતા જણાવ્યું હતું કે યુવા સેવા સમિતિના સંરક્ષક રમેશ પાટીદાર પડવાએ યુવાનોને ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કારોના પાલન થકી નૈતિકતાના માર્ગે ચાલીને ચારિત્ર્ય ઘડતર કરવા યુવાનોને હાકલ કરી કોઈપણ પ્રકારનું અનૈતિક કામ ન કરવા અને સામાજિક બદીઓ દૂર કરવાના શપથ લેવડાવ્યા હતા. બેઠક દરમિયાન ગામમાં પુસ્તકાલય ખોલવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. (Source : www.bhaskar.com)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોક્ત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# ગુજરાતના કેટલાંક રસપ્રદ ગામની વાતો

## સૌરાષ્ટ્રમાં શિક્ષણ ક્ષેત્રે અવ્વલ ગામ ‘બગથળા’ (બુદ્ધિવાળા)

મોરબી તાલુકાનું બગથળા ગામ સમગ્ર સૌરાષ્ટ્રમાં શિક્ષણ ક્ષેત્રે અવ્વલ ગણાય છે. માત્ર ચાર હજારની વસતી ધરાવતા આ ગામમાં ૬૨ વર્ષ પહેલા હાઈસ્કૂલ અને ૪૫ વર્ષ પહેલાં હાયર સેકન્ડરી સાયન્સ હતું. આ ગામે રાજ્યને ૧૨૦૦થી વધુ સરકારી કર્મચારીઓ આપ્યા છે અને આ ગામના વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ તથા ૧૨ સાયન્સમાં બોર્ડમાં પણ ટોચ પર ઝળક્યા છે. બગથળા ગામે ૧૯૨૮માં પ્રાથમિક શાળા અને ૧૯૫૯માં હાઈસ્કુલ બની હતી. ૧૯૫૩માં ગામના ગાંડાલાલ ઠોરિયા પ્રથમ હાઈસ્કૂલ શિક્ષક તરીકે જોડાયા હતાં. ૧૯૫૯માં હાઈસ્કુલ બનતા મગનલાલ પંડ્યા આચાર્ય તરીકે નિમણૂક પામ્યા જે બગથળા ગામના જ હતા. તેમણે ગામમાં ઉચ્ચ શિક્ષણનું મહત્વ વધાર્યું. ગામમાં ઓછી અને સૂકી જમીનના કારણે બાળકો પાસે શિક્ષણ સિવાય બીજો કોઈ રસ્તો ન હતો જેના કારણે ગામ તથા આસપાસના ૧૮ ગામના વિદ્યાર્થીઓ શિક્ષણનું મહત્વ સમજવા લાગ્યા. પરિણામે ગામમાંથી ૫૩ ડોક્ટર થયા જેમાંથી ૩ ડીએમ, ૮ એમડી અને ૫ એમએસ થયા. આ ઉપરાંત વિવિધ શાખાઓમાં મળીને ૧૯૧ જેટલા ઇજનેરો થયા અને શિક્ષકો તો ૩૦૦થી વધુ થયા છે. ગામના જ મગનલાલ પંડ્યાના પુત્ર ત્રંબકભાઈ પંડ્યાએ હાઈસ્કૂલનો વિકાસ કર્યો તો આર.ટી. મેવા જેવા પીટી ટીચરના કારણે ૩૦થી વધુ વિદ્યાર્થીઓ પોલીસ ફોરેસ્ટ અને આર્મીમાં ગયા છે. ગામના દરેક ઘરમાંથી એક સારી પોસ્ટ પર સરકારી નોકરિયાત છે. કેટલાક




ઘરમાં તો બધા જ ભાઈઓ સારી નોકરી પર છે. ખાનગી કે અર્ધ સરકારી કંપનીઓ તથા બોર્ડમાં પણ ગામના વતનીઓ છે. એક અંદાજ મુજબ આ ગામમાંથી ૯૦૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય અને દેશની સેવામાં ફરજ બજાવી ચૂક્યા છે. એટલે આસપાસના પંથકમાં બગથળા ગામને ‘ભેજાવાળા ગામ’ તરીકે ઓળખવામાં આવે છે.

# ૪૦૦ વર્ષ પહેલા વેરાન થયેલું કચ્છના ખડીર વિસ્તારનું 'વાવડી' ગામ



કચ્છના ખડીર વિસ્તારનું વાવડી ગામ અંદાજે ૪૦૦થી ૫૦૦ વર્ષ પહેલા માનવ વસતીથી ધબકતુ હતું. અહીં કરમટા અટકના રબારી સમાજના લોકોનો વસવાટ હતો જેઓ પશુપાલન સાથે સંકળાયેલા હતા. વાવડી ગામ સાંગવારી માતાજીની બાજુમાં પશ્ચિમ દિશામાં ત્રણેક કિમીના અંતરે વસેલું હતું. એક સમયે આ વિસ્તારમાં નાથ સંપ્રદાયના સાધુઓની જમાત આવી અને તેઓએ ગઢડામાં પડાવ નાખ્યો. વરસાદના અભાવે ગઢડાના કૂવાનું પાણી સૂકાઇ જતાં આ સાધુઓ પાણીની શોધમાં વાવડી પહોંચ્યા હતા. વાવડીના યુવાનો પોતાના પશુઓને લઇ સીમાડામાં હતાં અને માત્ર મહિલાઓ અને વડીલો ગામમાં હાજર હતા. ગામમાં તે વખતે સેલોર વાવ (પગથિયા ધરાવતો કૂવો) હતી. તેમાંથી આ બાવાઓ પાણી ભરવા લાગ્યા. પાણી ઓછું હોવાથી ગામની મહિલાઓએ સાધુઓને અટકાવ્યા. પણ સાધુઓ ન માન્યા અને ગુસ્સે થઇ માટીના વાસણો તોડી કૂવામાં ફેંકી દીધા. મહિલા અને વૃદ્ધો સાથે ઝઘડો પણ થયો. સાંજે યુવાનો પરત આવતા વાતની જાણ તેઓને થઇ હતી. તેઓ ગઢડા આવી બાવાજીઓના મહંતને ઠપકો આપવા લાગ્યાં. મહંત આ વાતથી અજાણ હોવાથી કોઇ ખુલાસો કરી શક્યા નહીં. ઉશ્કેરાટમાં એક યુવાને મહંતના માથે લાકડી ફટકારી દીધી જેથી મહંતનું મૃત્યુ થયું. તેઓએ મરતા-મરતા શાપ આપ્યો કે વાવડી ગામ વેરાન બનશે. ત્યારબાદ ગામમાં એક પછી એક આફતો આવતી ગઇ જેના કારણે કરમટા રબારીઓએ આ ગામને કાયમ માટે છોડી દીધું. આ ઘટનાના પસ્તાવારૂપે જે તે વખતે સાંગવારી માતાજીના પાબુધામ પાસે મહંતની મૂર્તિ પણ બેસાડવામાં આવી હતી. આ કરમટા ભાઇઓના અમુક પરિવારો રાપરના લોદ્રાણી ગામે આજે પણ વસવાટ કરે છે. ગામમાં વાવ હોવાથી ગામનું નામ વાવડી પડ્યું હતું. પણ કુદરતની લીલા કેવી કે ગામમાં હવે એક માત્ર વાવ બચી છે પણ ગામનું નામોનિશાન નથી. થોડા સમય પહેલાં સુધી વાવડી ગામ જ્યાં હતું, ત્યાં ગામના ખંડેરો જોવા મળતા હતા.

# સ્વબળે ડિજિટલ બનેલું ગામ એટલે 'ઇસરોલી'

બારડોલી તાલુકાનું ઇસરોલી ગામ સરકારી સહાય વગર સ્વબળે ડિજિટલ બન્યું છે. ૧૦ વર્ષ પહેલા ગામમાં ૧૦ વાહનો હતા, આજે ૨૦૦નો આંકડો પાર કર્યો છે. ગામનો વિકાસ આકાશને આંબી રહ્યો છે. શહેરોમાં મળે તેવી સુવિધાનો ગ્રામજનો ઉપયોગ કરી રહ્યાં છે. ગામમાં વીજ વાયર, ટેલિફોન વાયર, અન્ય કેબલો અન્ડરગ્રાઉન્ડ કરાયા છે, ગામમાં RCC રોડ, પેવર બ્લોક, ફ્રી વાઇફાઇ, સીસીટીવી કેમેરા સહિતની સુવિધાઓ ગામના જ વિદેશમાં વસતા NRIઓની મદદ અને ગામના યુવાનોના સહકારથી એક કરોડથી વધુના ખર્ચે ઊભી કરાઇ છે. અંદાજીત ૩૦૦૦ની વસતી ધરાવતા ગામમાં સ્વચ્છતા જોવા મળે છે. પશુઓ મુખ્ય માર્ગ પરથી પસાર થતા ગંદકી ન થાય તે માટે ઘરોની લાઈનની પાછળના ભાગે સર્વિસરોડ બનાવ્યો છે જેથી પશુઓ વાડામાંથી જ બહાર નીકળી શકે. ગામના વિકાસમાં NRIઓનો મહત્વનો ફાળો હોવાથી, ગામમાં વારતહેવારની થતી ઉજવણીઓ વિદેશમાં વસતાં ગામના લોકો લાઈવ જોઇ શકે તે માટે સ્ટ્રીટ લાઈટના પોલ પર ૨૪ કેમેરા લગાવાયા છે. NRIઓ ગામમાં આધુનિક સુવિધા સાથે, ગરીબ કુટુંબોને દર મહિને અનાજ પણ આપે છે. ગામના ૪૦ યુવકોની ગ્રામ કમિટી બનાવવામાં આવી છે જે સુવિધાના કામ અંગે ચર્ચા દ્વારા નિર્ણય લે છે. ગામમાં ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા પણ દાતાઓના ફંડ થકી કરાઈ છે. ગામના ૯૦ ટકા પાટીદારો અમેરિકામાં સ્થાયી થયા છે. હાલ આવા પરિવારના ઘરો બંધ છે. ૨૦ વર્ષથી વિદેશમાં સ્થાયી હોવા છતાં ગામ સાથેનો સંબંધ અકબંધ છે. ગામને તેઓ ભૂલ્યા નથી. વિદેશમાં જે સુખ તેઓ ભોગવે છે, એવું ગામમાં પણ પૂરું પાડવા માટે સતત ચિંતા કરતા હોય છે. જેથી તેઓ વિદેશમાં દર વર્ષે ડિસેમ્બરમાં એક મેળાવડો રાખે છે અને ગામમાં સુવિધા બાબતે ચર્ચા કરી ગ્રામ કમિટીના સભ્ય સાથે વીડિયો કોન્ફરેશન થકી વાતચીત કરે છે. આજના આધુનિક યુગમાં નવી પેઢીમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થતું રહે તે માટે ગામના સ્ટ્રીટ લાઈટ પોલ પર અંદાજીત ૧૨ સ્પીકર મુકવામાં આવ્યા છે જેમાં સવાર-સાંજ ૬ વાગ્યે ૨૦-૨૫ મિનિટ ભજન વગાડવામાં આવે છે. સાથે જ કોઈ સૂચના આપવાની હોય તો પણ તેની જાહેરાત સ્પીકર દ્વારા કરવામાં આવે છે.



## પાંડવોના અજ્ઞાતવાસ અને પાંડવગુફાના નામે જાણીતું થયેલું 'પાંડવા'

ડાંગ જિલ્લાનાં આહવાથી ૨૧ કિલોમીટરના અંતરે, આહવાથી ચીચલી રોડ પર પૂર્વ પટ્ટીના ડુંગરોની તળેટીમાં પાંડવા ગામ વસેલું છે. પ્રખ્યાત ડોન ડુંગર હીલ સ્ટેશન અહીંથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું છે તેમજ રામાયણ કાળનું અંજનીકુડ તેમજ અટાળાધામ પણ આજુબાજુમાં જ આવ્યાં છે. ગામ ઉપર બાહુબલી ભીમે બનાવેલી બે પર્વતોને જોડતી ભીતબારી (દીવાલ) આવેલી છે જે પથ્થરની શિલાઓથી બનાવાઈ છે, જેની ઊંચાઈ આશરે ૩૦૦ ફૂટ જેટલી છે. પુરાણી માન્યતા પ્રમાણે મહાભારતકાળમાં પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન અહીં વાસ કર્યો હતો અને કોઈક કારણોસર ભીમે એક જ રાતમાં આ ભીતબારી બનાવી હોવાની લોકવાયકા છે. પાંડવા ગામનું નામ પાંડવ ગુફા પરથી પડ્યું હોવાની વાયકા છે જે ગામના ઉપરના ભાગે ડુંગર પર આવેલી છે જેમાં અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો રહેતાં હતાં. ગુફામાં હજુ પણ પાંડવોએ માટી અને પથ્થરમાંથી બનાવેલી કોઠીઓ છે. સ્થાનિકો જણાવે છે કે ગુફાની અંદર પાંડવોના ઓરડા હતા જે કાળક્રમે તૂટી ગયા છે. અંદર પાંડવ તળાવ આવેલું છે જેનું પાણી પાંડુરોગની સારવાર માટે સ્થાનિકો ઉપયોગમાં લે છે. ડુંગરદેવની પૂજા-વિધિના ભાગરૂપે ગ્રામજનો આ પાંડવ ગુફાની પૂજા-અર્ચના કરે છે. પાંડવા ગામમાં ૬૦ જેટલાં ઘરો છે જેની વસતી ૫૦૦થી વધુ છે.



## 'ચાંદણકી' ગામ જ્યાં વર્ષોથી આખું ગામ એક રસોડે જમે છે

મહેસાણાનું ચાંદણકી ગામ એક શ્રેષ્ઠ ઉત્તમ ઉદાહરણ પાડી રહ્યું છે. અંદાજે ૧૧૦૦ની વસતીવાળા આ ગામના ૩૦૦થી વધુ લોકો અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા દેશમાં વસવાટ કરે છે. ઉપરાંત કેટલાક લોકો રાજ્યના અલગ-અલગ શહેરમાં સ્થાયી થયા છે. અત્યારે ગામમાં માત્ર ૫૦-૬૦ જ લોકો રહે છે. ગામમાં રહેતા દરેક લોકોની ઉંમર ૬૦ ઉપર છે, પણ ગામના સરપંચ પૂનમભાઈ પટેલ સૌથી નાના, એટલે કે ૫૭ વર્ષના હોવાથી પોતાને ગામના યંગેસ્ટ પણ ગણાવે છે. ગામમાં કોઈ યુવાન ન હોવા છતાં તમામ પ્રકારની સુવિધા અને સ્વચ્છતા જોવા મળે છે. રતિલાલ સોમનાથ પટેલ દ્વારા ૮થી ૧૦ વર્ષ પહેલાં ગામમાં એક રસોડાની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં સમય જતાં સુધારા થયા છે. આજે દરેક વયોવૃદ્ધ પોતાને મનગમતું ભોજન અહીં જમે છે. આ કાર્યમાં ગામ બહાર રહેતા ગામના લોકોનો પણ સારો સહકાર છે. જે વડીલો બહાર જમવા ના આવી શકે તેમને ટિફિન પણ પહોંચાડવામાં આવે છે. જ્યારથી દેશમાં પંચાયત રાજ્યની સ્થાપના થઈ છે ત્યારથી આજસુધી ગામમાં કોઈ જ ચૂંટણી થઈ નથી. આજસુધી ગામમાં કોઈ પોલીસ કેસ થયો નથી. બસ, આમ જ અહીં બધા એકબીજા સાથે હળીમળીને રહે છે.



## જમીનમાં ધરબાયેલી જલંધર નગરી પર વસેલું 'જાલત' ગામ

દાહોદ શહેરથી પાંચ કિમી દૂર આવેલું જાલત ગામ ઇન્દોર હાઇવેને કારણે બે ભાગમાં વહેંચાઇ ગયેલું છે. શહેરની બિલકુલ નજીક આવેલું આ ગામ લખેશ્વરી માતાના મંદિર સાથે ત્યાંની જમીનમાંથી મળતાં અવશેષોને કારણે જાણીતું છે. જાલત ગામમાં ખોદકામ દરમિયાન પ્રાચીન મકાનો તેમજ ચોરસ, લંબચોરસ લાલ રંગની ઇંટો આજે પણ નીકળે છે. વડવાઓના કહ્યા અનુસાર અહીં જલંધર નગરી હતી જેમાં જલંધર રાજા રાજ કરતા હતા. કોઇ પ્રકોપને કારણે આખી નગરી જમીનમાં સમાઇ ગઇ હતી. અહીં જમીન તો ઠીક પરંતુ ડુંગર ઉપર પણ ખોદકામ કરતાં ઇંટો મળી આવે છે. અહીંની જમીનમાંથી પુરાતન પ્રતિમાઓ પણ મળી છે. આ અવશેષો મળતાં ભૂતકાળમાં અહીં કોઇ નગરી હોવાનું માની શકાય તેમ છે. ગામમાં ૧૧ ફળિયામાં ૩૦ હજાર લોકોની વસતી વસવાટ કરે છે. ગામના તમામ ફળિયામાં સીસી રોડ, વીજળી અને ગટરની સુવિધા છે. જમીન પાણીથી ભરપૂર હોવાથી લગભગ પ્રત્યેક ઘરમાં બોર કરેલો છે.



# 'કઠાડા', જ્યાં તમામ ઘરોમાં 'વંદે માતરમ' લખેલું છે




આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે દેશભક્તિના રંગે રંગાયેલા પાટડી તાલુકાના આદર્શ ગામ કઠાડાનો ઉલ્લેખ અવશ્ય કરવો પડે. કઠાડા ગામમાં તમામ ૩૪૬ ઘરોના પ્રવેશ દ્વારે એટલે કે ઘરના દરવાજે 'વંદે માતરમ' લખેલું છે અને જે ઘરમાં ગૌપાલન હોય એ ઘરોમાં 'અભયધામ' પણ લખેલું છે. આ આદર્શ ગામમાં આગામી દિવસોમાં ૬૦ ટકા ગૌપાલન થાય એવો ગ્રામજનોનો લક્ષ્યાંક છે. કઠાડા ગામમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર અને સ્વાવલંબન પ્રવૃત્તિઓ થકી ગ્રામજનોમાં આમુલ પરિવર્તન જોવા મળ્યું છે. ગામની શાળામાં બાળકોને અપાતું સંસ્કારોનું સિંચન એના પરિવાર સુધી પહોંચે એના પર શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા ખાસ ભાર મુકવામાં આવે છે. આ અંગે કઠાડા પ્રાથમિક શાળાના આચાર્ય સુખદેવભાઇ વણોલ જણાવે છે કે, શાળામાં બાળકને ગૌ સંપદા, વન સંપદા, જળ સંપદા, ભૂમિ સંપદા, જીવ સંપદા, ઉર્જા સંપદા અને જન સંપદા એમ તમામ સાત જીવ સંપદાને કેન્દ્રમાં રાખીને શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર અને સ્વાવલંબન ક્ષેત્રે કામ કરવામાં આવે છે. કઠાડા ગામની મહિલાઓએ ૨૦૧૧માં સર્વાંગીણ ગ્રામ વિકાસ ટ્રસ્ટ અંતર્ગત સુરભી સ્વસહાય જૂથની રચના કરી ગૌમૂત્રના અર્ક અને લીમડામાંથી શુધ્ધ અને કેમિકલમુક્ત ફિનાઇલ બનાવવાનો અનોખો પ્રયોગ હાથ ધર્યો હતો.

# વિસનગરનું વૃક્ષપ્રેમી 'તરભ' ગામ

વાત એવા ગામની જ્યાં વૃક્ષનું જતન જવાબદારી નહીં ગામનો વારસો છે. વિસનગર તાલુકાના તરભ ગામમાં અનોખી પરંપરાના કારણે પ્રત્યેક બે વ્યક્તિ સામે ત્રણ વૃક્ષો છે. ૮૦ ટકા સાક્ષરતા ધરાવતાં તરભ ગામમાં ૧૫૦૦ મકાનમાં ૬૩૦૦ની વસતી છે. તેની સામે વૃક્ષોની સંખ્યા ૯૭૦૦ જેટલી છે. ગામમાં એક પણ ખુલ્લી જગ્યા એવી નથી કે જ્યાં વૃક્ષ જોવા ન મળે. ગ્રામજનોને વૃક્ષ પ્રેમ વારસામાં મળ્યો છે. ગામમાં ક્યારેય બિનજરૂરી વૃક્ષ છેદન થતું નથી. જો કોઇ વૃક્ષ નડતરરૂપ હોય કે જોખમી હોય તો જ તેને કાપવામાં આવે છે. અને કપાયેલા એક વૃક્ષ સામે નવા ચાર વૃક્ષો ઉછેરાય છે. ગામના વડીલો દ્વારા વારસામાં મળેલા આ વૃક્ષ પ્રેમના કારણે આસપાસના અન્ય ગામો કરતાં વધુ વરસાદ કુદરત આપે છે. એટલું જ નહીં ઉનાળામાં ગામનું તાપમાન પણ નીચું રહે છે.



# 'મુજકુવા' ગામ જ્યાં એક ડોલ છાણથી એક દિવસની રસોઈ થાય છે



આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાનું નાનકડું મુજકુવા ગામ ગોબરગેસના ઉપયોગ થકી આવક તો મેળવતું થયું છે પણ સાથે સાથે ગંદકીમુક્ત બનીને ચૂલાની ઝંઝટમાંથી પણ મુક્તિ મેળવી છે. ગામના ૮૦થી વધુ પરિવારો એનડીડીબીની સહાયથી ગામમાં ગોબર ગેસ પ્લાન્ટ ઉભો કરીને મફત ગેસ મેળવી રહ્યાં છે અને સ્લરીમાંથી પણ આવક મેળવી રહ્યાં છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી ગામમાં ગંદકી પણ દૂર થઇ છે. મુજકુવામાં છેલ્લા ચાર વર્ષથી ગોબર ગેસ પ્લાન્ટ દ્વારા પરિવાર દીઠ મહીનાના બે બોટલ ગેસનો લાભ મેળવી રહ્યા છે. આ પ્લાન્ટ માત્ર ૧૦ થી ૧૨ ફૂટની જગ્યા રોકે છે. આ પ્લાન્ટના ઘણા ફાયદા છે જેવા કે દિવસની એક ડોલ પશુના છાણથી દિવસભર રસોઈ માટે મફતમાં ગેસ મળે છે. ઉપરાંત ગોબરની વેસ્ટજ સ્લરીને મુજકુવા સખી ખાદ્ય સહકારી મંડળી દ્વારા ઓર્ગેનિક ખાતર બનવા માટે વપરાય છે અને મહિનામાં ૩ થી ૪ હજારનો લાભ મેળવે છે. તે ઉપરાંત આ પ્લાન્ટમાં છાણ વપરાતું હોવાથી ગામમાં ઉકરડાથી પણ મુક્તિ મળી છે જેથી જીવજંતુઓનો ઉપદ્રવ ઘટ્યો છે અને સ્વચ્છતા રહે છે. આ પ્લાન્ટમાં કેન્દ્ર સરકાર દ્વારા સબસીડી આપવા આવે છે.

# 'મેઘવાળ', જ્યાં આવવા-જવા માટે સંઘપ્રદેશની સરહદમાંથી જ જવું પડે




વલસાડ જિલ્લાના મેઘવાળ ગામની એકપણ સરહદ ગુજરાતને સ્પર્શતી નથી. કોઇપણ દિશામાંથી આ ગામ ગુજરાત સાથે જમીની સરહદોથી સંકળાયેલું નથી. ગુજરાતમાંથી આ ગામમાં જવું હોય તો તમારે સંઘ પ્રદેશ દાદરા, નગર અને હવેલીમાંથી પસાર થઇને જ જવું પડે. ટાપુ જેવા ગુજરાતના કપરાડા તાલુકાના આ ગામને સંઘપ્રદેશમાં ભેળવવાની ચર્ચા ચાલી હતી. જોકે, ગામલોકોએ ગુજરાતમાં રહેવાનું જ જણાવ્યું હતું. મેઘવાળ અંદાજે ત્રણ હજાર આસપાસ વસતી છે જે તાલુકામથક કપરાડા અંદાજે ૫૦ કિમીના અંતરે છે. ગામમાંથી વહીવટી કારણોસર કપરાડા જવું હોય તો સરપંચ, તલાટી કે ગામલોકો માટે પણ એટલું સહેલું નથી. ગામમાંથી પહેલાં સિલવાસા આવવું પડે છે. ત્યાંથી બસ મળે. ગામ ચારે તરફથી સંઘપ્રદેશની વચ્ચોવચ્ચ છે. ગામના મોટાભાગના લોકો દાદરા, નગર હવેલીમાં નોકરીએ જાય છે. ગામની ચારે તરફ આવેલા ગામો કુડાચા, મસાટ, લુહારી, અથાર, છીછવાડા, ચીચપાડા સંઘપ્રદેશના છે.

# 'એના' ગામ દક્ષિણ ગુજરાતનું પેરિસ જેના દરેક ઘરનો સભ્ય વિદેશમાં છે



દક્ષિણ ગુજરાતમાં N R I ઓના ગામ તરીકે ઓળખાતા એનાને પેરિસ પણ કહેવાય છે. ગામમાં ૪૦૦ ઘરોમાંથી એક પણ ઘર એવું ન હોય, જેનો સભ્ય વિદેશમાં ન હોય. ૨૦૦ ઘરોમાં તો તાળાં જ રહેતા હોય છે. જોકે તેઓ વર્ષમાં એક વખત મોટી સંખ્યામાં વતન આવવાનું પણ ચૂકતા નથી. અમેરિકા, કેનેડા, અને યુકેમાં જ ગામના જ ૩૦૦૦થી વધુ વસતી એના ગામના લોકોની છે. એટલે જ ગામમાં કોઈ પણ વિકાસનું કામ હોય, વિદેશમાં સ્થાપના કરેલ એનાવાલા ઇન્ટરનેશનલ એસોશિયેસનમાં પ્રપોઝ મુકતા જ કરોડો રૂપિયા માત્ર એક જ દાતા આપવા તૈયાર થઈ જતા હોય છે. અત્યાર સુધી આવા દાતાઓ કરોડો રૂપિયા ગામની સુવિધા માટે આપી ચુક્યા છે. તાજેતરમાં જ ગામના NRI દાતાએ ૧.૭૫ કરોડ રૂપિયા ગામમાં ચરોતરીયા પાટીદાર સમાજના નામે સાંસ્કૃતિક હોલ બનાવવા આપ્યા છે જેનું તાજેતરમાં ઉદઘાટન કરવામાં આવ્યું છે. ૧૯૮૪માં એનાવાલા ઇન્ટરનેશનલ એસોસિયેશનની સ્થાપના કરવામાં આવી હતી. આ એસોસિયેશન બનાવવા પાછળનું મુખ્ય કારણ વિદેશમાં વસતા અન્ય લોકો પણ પોતાની જન્મભૂમિ માટે પ્રેરણા લઈ ગામ માટે બનતી મદદ કરી શકે તે છે.

# દેશના વેસ્ટ ઝોનનું શ્રેષ્ઠ ગામ વિકાસ-આધુનિકરણની મિસાલ 'તખતગઢ'



કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય દ્વારા જલસમૃધ્ધ ભારતના દ્રષ્ટિકોણને સાર્થક કરવા જે કોઇપણ સંસ્થા, વ્યક્તિ સંગઠન, જિલ્લો, રાજ્ય દ્વારા પ્રયાસ થયા હોય તેને રાષ્ટ્રીય જલપુરસ્કાર આપવાની ત્રણ વર્ષથી શરૂ કરાયેલ પરંપરા અંતર્ગત ગત ગત જાન્યુઆરીએ કેન્દ્રિય જલશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામના જલસંચય અને કરકસરયુક્ત ઉપયોગને ધ્યાને લઇ દેશના વેસ્ટઝોનની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે પ્રથમ સ્થાને પસંદગી કરી છે. પીવાના પાણી માટે વોટર વર્કસ (ટાંકી) ૧૦૦ ટકા લોકભાગીદારીનું ઉદાહરણ ઇ.સ. ૧૯૬૫માં શ્રીમતી ગોમતીબેન શામજીભાઈ ધોળુએ પૂરુ પાડયું હતું. બે હવાડા, ઘર ઘર નલ - હર ઘર જલનું સૂત્ર તે સમયે સાકાર કરાયેલું. વિકાસકામોમાં મેળવેલ સિદ્ધિઓ બદલ ગામને અનેક એવોર્ડથી નવાજવામાં આવેલ છે. તખતગઢ ગુજરાતનું પ્રથમ મોડલ વાસ્મો અંતર્ગત ૨૪x૭ ઘેર ઘેર પીવાનું પાણી મીટર દ્વારા આપતું પ્રથમ સ્માર્ટ વિલેજ બન્યું છે. ગામનો કૃષિ વિકાસ પણ ઉડીને આંખે વળગે તેવો છે. પ્રગતિશીલ ખેડૂતોની આવડત અને કૌશલ્યથી એક સમયે તખતગઢને કપાસના ગઢ તરીકે ઓળખવામાં આવતું હતું. ખેતી પદ્ધતિથી આજુબાજુના ગામના ખેડૂતોએ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને એમણે પણ કબૂલ્યું છે કે તમારા વડીલો અમારા કૃષિ ગુરુ છે. કૃષિ વિકાસ માટે પાણીના સંગ્રહ માટે ચેક ડેમો, તળાવ ગામલોકોની લોકભાગીદારીથી ગામને સમર્પિત કરાયા છે. ગામના ખેડૂતો દ્વારા ઉત્પાદન કરતો કપાસનો પાક જોવા માટે સુદાન દેશના ખેડૂતો ઉપરાંત આસામ, મણિપુર તથા મેઘાલય રાજ્યના જાગૃત ખેડૂતોએ પણ તખતગઢની મુલાકાત લીધેલ છે. ગામમાં પાણીના કરકસરયુક્ત ઉપયોગના હેતુથી પાણીના મીટર લગાવ્યા છે જેનો પ્રતિ હજાર લિટર પાણીનો એક રૂપિયો લેવાય છે.

(Sources & Photo Courtesy : www.divyabhaskar.co.in)